પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ - 'સંવાદિતા દિન'

પ્રમુખસ્વામી મહારાજ દ્વારા માનવતાનાં મૂલ્યોને મંદિરો દ્વારા પોષણ

સંયુક્ત રાષ્ટ્રસંઘ (UN) માં " International Human Solidarity Day' – 'આંતરરાષ્ટ્રીય માનવ એકતા દિન' તરીકે ઘોષિત ૨૦ ડિસેમ્બરના રોજ, પ્રમુખસ્વામી મહારાજ નગરમાં આંતરધર્મીય સંવાદિતાનું અનોખું દર્શન : આધ્યાત્મિક જગતમાં સીમાતીત અને સર્વના સ્વજન સમા પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય વ્યક્તિત્વને વિવિધ ધર્મ પરંપરાઓના પ્રતિનિધિઓએ શ્રદ્ધાંજલિ આપી : અમેરિકામાં ૨૦૦૦ માં યોજાયેલ મિલેનિયમ વિશ્વધર્મ પરિષદમાં પ્રમુખસ્વામી મહારાજે કર્યું હતું સનાતન ધર્મનું પ્રતિનિધિત્વ



સમગ્ર વિશ્વમાંથી અનેકવિધ ધર્મો અને સંપ્રદાયોના પ્રતિનિધિઓએ પ્રમુખસ્વામી મહારાજ નગરમાં એક મંચ ઉપર ઉપસ્થિત રહી આંતરધર્મીય સંવાદિતાને ઘૂંટાવી : વિશ્વના વિવિધ ધર્મોના અગ્રણીઓ એક મંચ પર 'પરસ્પર પ્રીતિ પ્રસરાવે તે ધર્મ'- પ્રમુખસ્વામી મહારાજના સૌહાર્દપૂર્ણ સહ-અસ્તિત્વને ચરિતાર્થ કરતી વિશિષ્ટ રજૂઆત - ''સંવાદિતા દિન'

આજે મહોત્સવના છઠ્ઠા દિવસે, પ્રમુખસ્વામી મહારાજ નગરમાં વિશાળ ભક્તમેદનીથી છલકાતાં નારાયણ સભાગૃહમાં વિશ્વના વિવિધ ધર્મો અને સંપ્રદાયોના પ્રતિનિધિઓ આજના 'સંવાદિતા દિન' કાર્યક્રમમાં સમ્મિલિત થયા હતા. ભગવાનના ધૂન, પ્રાર્થના અને કીર્તન સાથે સાંજે ૫.૧૫ વાગ્યે કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. વિશ્વભરમાં શાંતિ અને સંવાદિતાના દૂત એવા પ્રમુખસ્વામી મહારાજને યુવાવૃંદ દ્વારા વિશિષ્ટ નૃત્ય દ્વારા અંજલિ આપવામાં આવી હતી. ઉપરાંત પ્રમુખસ્વામી મહારાજના સંવાદિતાનાં વૈશ્વિક કાર્યોને અને તેઓની ઉદાત્ત જીવનભાવનને દર્શાવતી વિડીયો પ્રસ્તુત થઈ હતી.

હિન્દુ, જૈન બૌદ્ધ, શીખ, ખ્રિસ્તી, મુસ્લિમ, યહૂદી કે અન્ય કોઈપણ ધર્મો અને સંપ્રદાયો પ્રતિ પ્રમુખસ્વામી મહારાજે હંમેશા આદર દાખવ્યો હતો. કોઈ પણ ધર્મ કે સંપ્રદાયના વ્યક્તિને પ્રમુખસ્વામી મહારાજની અક્ષુણ્ણ સાધુતા, અહંશૂન્યતા, પમાત્મા પ્રત્યે અનન્ય શ્રદ્ધા, નિષ્કલંક ચારિત્ર્ય, પવિત્રતા અને નિઃસ્વાર્થ ભાવનાઓ સ્પર્શી હતી. આજની આ વિશિષ્ટ સભામાં સંસ્થાના પૂ. અક્ષરવત્સલ સ્વામી અને પૂ. અક્ષરાતીત સ્વામીએ સર્વે અગ્રણીઓનો પરિચય કરાવ્યો હતો. સંસ્થાના પૂ.અક્ષરવત્સલ સ્વામી અને પૂ. બ્રહ્મવિહારી સ્વામીએ પ્રમુખસ્વામી મહારાજની વિશ્વધર્મ સંવાદિતાની ભાવનાને દર્શાવતું વક્તવ્ય આપ્યું હતું. આજના વિશિષ્ટ સંધ્યા કાર્યક્રમમાં વિશ્વભરમાંથી અનેકવિધ ધર્મ-પરંપરાઓમાંથી ઉપસ્થિત પ્રતિનિધિઓએ સાધુતાના ગૌરીશિખર સમાન પ્રમુખસ્વામી મહારાજને વાક-પુષ્પાંજલિ અર્પણ કરી હતી અને પ્રમુખસ્વામી મહારાજના આંતરધર્મીય સંવાદિતાનાં વૈશ્વિક કાર્યો અને ઉદાર જીવનશૈલીનું સ્મરણ કર્યું હતું. આ પ્રસંગે યુવા મંડળ દ્વારા સાંસ્કૃતિક નૃત્યની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

ગુજરાતમાં રિવરફ્રન્ટથી કેવડિયા સુધી સી-પ્લેન સર્વિસ ફરી ચાલુ કરવા મથામણ

આ સર્વિસ ચલાવવા ખાનગી એર કંપની તૈયાર નથી પરંતુ છેલ્લે સરકારે મેહેરનું ટેન્ડર પાસ કર્યું છે પણ રૂટ શરૂ થવાના ઠેકાણાં નથી

ગાંધીનગર, તા.૧૯

ગુજરાતમાં મોંઘી દાટ એવી ટુરિસ્ટને આકર્ષતી પ્રથમ સી-પ્લેન સેવાને ગ્રહણ લાગી ગયું છે. આ સર્વિસને શરૂ કરવા માટે સરકારે બે વર્ષથી ખૂબ પ્રયાસ કર્યા છે પરંતુ કોઈ સર્વિસ પ્રોવાઈડર મળી શક્યા નથી પરંતુ આશાનું એક કિરણ મુંબઈની એક એરકંપનીએ દેખાડ્યું છે એટલે રાજ્ય સરકાર કોઈપણ સંજોગોમાં સી-પ્લેન સર્વિસ ફરી શરૂ કરવાના ધમપછાડા કરી રહી છે. સિવિલ એવિયેશન વિભાગના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે સી-પ્લેન સર્વિસ બે વર્ષથી બંધ છે. આ સર્વિસ સ્પાઈસજેટની પેટાકંપની સ્પાઈસ શટલ દ્વારા સંચાલિત કરવામાં આવી હતી પરંતુ કોરોના સંક્રમણના કારણે નાણાંકીય મુશ્કેલી વધી જતાં કંપનીએ એપ્રિલ ૨૦૨૧થી તેની સર્વિસ બંધ કરી દીધી હતી. રાજ્યના સિવિલ એવિયેશન વિભાગને નવી કંપની પસંદ કરવાની ફરજ પડી છે પરંતુ કોઈ ખાનગી કંપની તૈયાર થતી નથી. છેલ્લે આ સર્વિસ માટે ગુજરાત સ્ટેટ એવિયેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીએ મેહેરને ટેન્ડર આપ્યું છે. આ કંપનીએ યુનાઈટેડ સ્ટેટ્સમાંથી એરક્રાફ્ટ ખરીવાની તૈયારી કરી છે. જો કે હજી ક્યારે આ કંપની તેની સર્વિસ શરૂ કરશે તેના કોઈ ઠેકાણાં નથી.

સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિના દિવસે ૩૧મી ઓક્ટોબર ૨૦૨૦ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમદાવાદના રિવરફ્રન્ટથી સ્ટેચ્યુ ઓફ યુનિટીના સ્થળ કેવડિયા સુધી સી-પ્લેનમાં ગયા હતા. તેમના ઉપયોગ પછી થોડો સમય સુધી આ સર્વિસનો લાભ નાગરિકોએ લીધો હતો પરંતુ ખૂબ જ અલ્પ સમયમાં સી-પ્લેનને મરામત માટે માલદિવ્સ મોકલી દેવામાં આવ્યું હતું જે પાછું આવી શક્યું નથી. અત્યાર સુધીમાં માત્ર ૮૦૦ નાગરિકો મુસાફરી કરી ચૂક્યાં છે. સરકાર સી-પ્લેન ઉડાવતી કંપનીને ત્રણ વર્ષનો કોન્ટ્રાક્ટ આપવા માગે છે. જ્યારે ટેન્ડર ફ્લોટ થયું ત્યારે મેહેર ઉપરતાં અમદાવાદ સ્થિત વેન્ચુરા એરકનેક્ટ અને ગુજરાતની એક ખાનગી કંપનીએ રસ દાખવ્યો હતો. સરકારે મેહેર કંપનીનું ટેન્ડર પાસ કર્યું છે. આ કંપનીએ દૈનિક બે ફ્લાઈટ્સનું સંચાલન કરવાની જવાબદારી લીધી છે.

વિધાનસભાના અધ્યક્ષપદે વરાયેલ શંકરભાઈ ચૌધરી પર અભિનંદન વર્ષા

ગાંધીનગર, તા.૨૦

વિધાનસભા ગૃહના નેતા અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે અધ્યક્ષ તરીકે વરણી માટે શ્રી શંકરભાઈ ચૌધરીના નામના રજૂ કરેલા પ્રસ્તાવને સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશ પટેલે સમર્થન આપ્યું હતું. સમગ્ર વિધાનગૃહે આ પ્રસ્તાવને ટેકો આપતાં ૧૫મી ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે શ્રી શંકરભાઈ ચૌધરીની વરણી કરવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે નવા વરાયેલા અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીને અધ્યક્ષ પદનો કાર્યભાર સંભાળવા માટે અભિનંદન પાઠવ્યા હતા. તેમણે લોકશાહીના આ મંદિરમાં ઉજ્જ્વળ પરંપરાઓને જાળવી રાખવા તેમજ પૂર્વ અધ્યક્ષશ્રીઓએ કરેલા નિર્ણયોને જીવંત રાખી સભાગૃહના સૌ સભ્યોના સહિયારા પ્રયાસમાં નવનિયુકત અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન સતત મળતું રહેશે તેવી અપેક્ષા દર્શાવી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે શ્રી શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષ તરીકેની કામગીરીથી ૧૫મી ગુજરાત વિધાનસભાનો પાંચ વર્ષનો કાર્યકાળ સંસદીય પ્રણાલિકાઓના સંવર્ધન માટેનો સુવર્ણકાળ બની રહેશે, તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ આ તકે ૧૫મી વિધાનસભાના સૌ નવનિર્વાચીત સભ્યોને પણ આવકારીને અભિનંદન પાઠવ્યા હતા .

વરણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ ગૃહના સભ્યોનો આભાર સ્વીકાર કરતા કહ્યું હતું કે, લોકશાહી અને સંસદીય પ્રણાલીને વધુ બળવત્તર બનાવવા માટે શાસક-વિપક્ષ તરીકે નહી, પરંતુ શાસક-સાથી પક્ષની ભાવનાથી કાર્ય કરશું. સંવાદ વિવાદમાં ન પરિણમે તે રીતે સંવાદ સાધી પ્રજાના પ્રાણ પ્રશ્નોના વાચા આપવાની જવાબદારી માત્ર અધ્યક્ષની જ નહી પરંતુ ગૃહના તમામ સભ્યોની છે એમ ઉમેર્યુ હતું.

આ પ્રસંગે ગૃહમાં સંસદીય અને વૈદ્યાનિક બાબતોના મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ તેમજ ધારાસભ્ય સર્વેશ્રી જીતુભાઈ વાઘાણી, રમણલાલ વોરા, અર્જુનભાઈ મોઢવાડીયા અને શ્રી શૈલેષભાઈ પરમારે નવનિયુકત અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીને અભિનંદાન આપીને તેમણે કરેલા પ્રજાકીય સેવાકાર્યોને બિરદાવીને વિધાનસભાના અધ્યક્ષ તરીકેની વરણી બદલ શુભેચ્છાઓ આપી હતી.

કાર્યવાહી કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જણાવાયું છે. જો બિન અધિકૃત રીતે પ્લોટ પાડવામાં આવશે અથવા ત્યાં બાંધકામ કરવામાં આવશે તો આવા બાંધકામ ગુડા દ્વારા દુર કરીને સબ પ્લોટિંગના મામલે પણ કાયદેસરની કાર્યવાહી કરાશે . બાંધકામ તોડવામાં આવે તેવા કિસ્સામાં પણ ખરીદનાર અને વેચનારની જવાબદારી રહેશે ગુડાની મંજુરી અને બાંધકામ પરવાનગીના મુદ્દે જમીનનો પ્લોટ અથવા મકાન કે અન્ય હેતુનું બાંધકામ ખરીદનાર ગ્રાહકે તે મિલકતની અધિકૃતતા અંગે ગુડાની કચેરીમાં જઈને ખરાઈ કરવી પડશે આગામી સમયમાં ગુડા દ્વારા આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાશે

દિલ્હી જવા રવાના

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તૈયારીઓ ચાલતી હતી જે ઉલ્લેખનીય છે. ગાંધીનગર શહેર આ વખતે સ્વચ્છતા સર્વેક્ષણમાં તેના રેન્કીંગમાં અવશ્ય સુધાર કરશે તેવો દાવો સત્તાવાળાઓ ખાનગીમાં કરી રહ્યા છે. તંત્રે આ વખતે ખુબ જ સારી મહેનત કરી હતી અને તેનો પડઘો રેન્કીંગમાં જોવા મળશે તેમ આ સૂત્રોનું કહેવુ છે.

ઓર્ડર અપાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ટાઈપ અદ્યતન આવાસો બાંધવાનુ કામ પણ શરૂ કરાશે. એમ એ કવાર્ટસના નિર્માણ માટે અંદાજિત રૂ ૨૪૭ કરોડના ખર્ચનુ આયોજન કરાયુ છે. નવા એમ એલ એ કવાટર્સને અનુલક્ષી તમામ સુવિધાઓ ઉભી કરાશે અલબત્ત રહેણાંકને લગતી અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ કરાશે. ધારાસભ્ય માટે નવા મકાનો બનાવવા માટે ૨૮ હજાર ચો મી જગ્યાનો ઉપયોગ કરાશે. નવી યોજના અન્વયે ૯ માળના કુલ ૧૨ બ્લોક બાંધવામાં આવશે. આ જગ્યાએ ૨૧૬ ફલેટ ટાઈપ આવાસો બાંધવામાં આવશે. હાલ સે-૨૧ માં એમ એલ એ કવાર્ટસ છે. જયારે આ અગાઉ સે-૧૭ માં આ જ ઠેકાણે સદસ્ય નિવાસ હતા ચ-૫ સર્કલથી નજીકમાં આ આવાસો બાંધવામાં આવશે જો કે એમ એલ એ કવાર્ટસની આ યોજના સંદર્ભે અગાઉ ભુમિપુજન સહીતની પ્રકીયામાં પણ વિલંબ થયો હતો જયારે સ્થળ પર જુના અવાસોનો નિકાલ કરવાની કામગીરીના લીધે નવા મકાનો બાંધવાનુ કામ ધારણા કરતા વિલંબથી શરૂ થયુ છે. નવા એમ એલ એ કવાર્ટસને અનુલક્ષી તમામ આનુસંગિક સુવિધાઓ ઉભી કરાશે. નવા સદસ્ય નિવાસ બાંધવા માટે અગાઉ ટેન્ડર પ્રકીયા હાથ ધરવામાં આવી હતી જેના અંતે સંબંધિત એજન્સીને વર્ક ઓર્ડર પણ આપી દેવાયો છે. આ ઠેકાણે જુના આવાસો તોડવાનુ કામ પણ ટુંકમાં પુર્ણ કરી દેવાશે ત્યારબાદ ધારાસભ્યો માટે નવા આવાસો બાંધવા માટેની કામગીરી શરૂ કરી દેવાશે. બીજીતરફ ફલેટ ટાઈપ આવાસો બાંધવાની આ યોજના અન્વયે નડતરરૂપ વૃક્ષોની સંખ્યા પણ વિશેષ છે. જો કે હજુ વૃક્ષોની કટોતી સંદર્ભે વનતંત્રએ મંજુરી આપી નથી. ત્યારે આ જગ્યાએ હરિયાળી બરકરાર રાખવા માટે વૃક્ષોની કટોતી સામે નવુ પ્લાન્ટેશન પણ કરવા માટે આયોજન કરાયુ છે.

કિંમતો વધશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બજારમાં ખૂબ માંગ છે. તેના પોલો, વેન્ટો, ટિગ્યુઆન મોડેલ જાણીતા છે. આ તમામ મોડેલની કિંમતો વધી શકે છે.

જાપાની કાર નિર્માતા કંપની હોન્ડાને પસંદ કરનારો વર્ગ ખૂબ મોટો છે. હોન્ડાનું ભારતીય બજાર ખુબ મોટુ છે. હોન્ડાએ પોતાના તમામ મોડેલ્સની કિંમતોમાં ૩૦ હજાર રૂપિયાનો વધારો જાહેર કરી દીધો છે. કાચા માલની કિંમતોમાં સતત થઈ રહેલા વધારાના કારણે ભાવ વધારો કરવાની ફરજ પડી છે. ભાવ વધારો ૩૦ હજાર રૂપિયા સુધીની રેન્જમાં હશે અને તે દરેક મોડેલ પ્રમાણે બદલાશે.

હાલમાં બેટરી સંચાલિત કાર ખૂબ પોપ્યુલર થઈ રહી છે. બેટરીની કિંમતો વધી છે અને નવા નિયમોની અસરના કારણે ઈવી વ્હીકલની કિંમતોમાં પણ ભાવ વધારો તોળાઈ રહ્યો છે. જો કે હજુ સુધી તેની જાહેરાત કરવામાં આવી નથી.

ઠાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

પછી, સુરક્ષા દળોએ પણ જવાબી કાર્યવાહી કરી અને થોડી જ વારમાં લશ્કરના ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા. હાલ પોલીસ દ્વારા સર્ચ ઓપરેશન ચાલુ છે. નોંધપાત્ર વાત એ છે કે ખીણમાંથી ૩૭૦ હટાવ્યા બાદથી પાકિસ્તાન ગભરાટમાં છે. તેમની પાસેથી કાશ્મીરની શાંતિ દેખાતી નથી. જેમ જેમ કાશ્મીર વિકાસના પંથે આગળ વધી રહ્યું છે, તેમ તેમ વૈશ્વિક મંચોથી લઈને સરહદ પાર પ્રાયોજિત આતંકવાદ સુધી પાકિસ્તાનની ખચકાટ ચાલુ છે. પાકિસ્તાન સતત કાશ્મીરને અસ્થિર કરવાના નિષ્ફળ પ્રયાસોમાં લાગેલું છે. જમ્મુ-કાશ્મીરમાં ભારતીય સેના સતત આતંકવાદીઓને ખતમ કરવામાં લાગેલી છે. જેના કારણે આતંકીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. સેનાની બહાદુરીના કારણે આતંકવાદીઓનું મનોબળ સંપૂર્ણ રીતે નીચે આવી ગયું છે. આમ છતાં પાકિસ્તાન પોતાની નાપાક હરકતોથી હટી રહ્યું નથી. તેમની તરફથી કાશ્મીરમાં આતંકવાદી ગતિવિધિઓ વધારવાના સતત પ્રયાસો થઈ રહ્યા છે. શોપિયાં જિલ્લાના મુંઝ માર્ગમાં થયેલા એકાઉન્ટરને લઈને વધુ માહિતીની રાહ જોવાઈ રહી છે.

હસી રહી છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

મલ્લિકાર્જુન ખડગેના ભાષણ દરમિયાન ભાજપના નેતૃત્વ હેઠળના ગઠબંધનના સભ્યોએ હોબાળો મચાવતાં જગદીપ ધનખડ ગુસ્સે થયા હતા.રાજ્યસભાના અધ્યક્ષે સભ્યોને એમ પણ કહ્યું કે, જો તેઓ ગૃહમાં કોઈ દાવો કરે છે, અને તેને રેકોર્ડમાંથી હટાવવા માંગતા નથી, તો તેઓએ તેમના દાવાના સમર્થનમાં દસ્તાવેજી પુરાવા પણ રજૂ કરવા જોઈએ. આ પછી, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને તેમનું ભાષણ પૂરું કરવાનું કહેતા ઉપરાષ્ટ્રપતિએ કહ્યું, હું મારી બંધારણીય ફરજ બજાવી રહ્યો છું... હું ન તો આ રીતે જોઉં છું, ન તો તે રીતે... હું ફક્ત બંધારણને અનુસરી રહ્યો છું.

બદલી શકશે નહીં

● અનુસંધાન પહેલાનું ચાલુ

હરિયાણા ગેરકાનૂની ધર્માંતરણ નિવારણ અધિનિયમ હેઠળ, આરોપીએ પીડિતને ભરણપોષણ પણ ચૂકવવું પડશે.

આ સાથે ધર્મ પરિવર્તન બાદ લગ્નથી જન્મેલા બાળકોએ ભરણપોષણની રકમ પણ ચૂકવવી પડશે. જો કોઈ આરોપી મૃત્યુ પામે છે, તો પીડિતને સ્થાવર મિલકતની હરાજી દ્વારા વળતર આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, માર્ચ ૨૦૨૨માં બજેટ સત્રમાં હરિયાણા સરકાર આ બિલ લાવી હતી. વિધાનસભામાં પાસ થયા બાદ તેને રાજ્યપાલની મંજૂરી માટે મોકલવામાં આવ્યો હતો. હવે આ અંગે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે અને રાજ્યમાં આ કાયદો અમલમાં આવ્યો છે. ધર્મ પરિવર્તનના કિસ્સામાં એવી જોગવાઈ છે કે, જો કોઈ વ્યક્તિ સ્વેચ્છાએ ધર્માંતરણ કરે છે. તો જિલ્લાના ડીસીને તેના વિશે પહેલા જાણ કરવાની રહેશે. તે વ્યક્તિના ધર્મ પરિવર્તન અંગેની તમામ માહિતી ડીસી ઓફિસના નોટિસ બોર્ડ પર ચોંટાડી દેવામાં આવશે અને ત્યારબાદ ધર્મ પરિવર્તન કરનાર વ્યક્તિને કોઈ સમસ્યા હોય તો ૩૦ દિવસમાં લેખિતમાં ફરિયાદ કરી શકાશે.

ચેતવણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

જગ્યાએ જોવા મળતા ઓમિક્રોનના લગભગ તમામ પેટા વેરિયન્ટ ભારતમાં જોવા મળે છે, એવા ઘણા પેટા પ્રકારો નથી જે અહીં પ્રચલિત ન હોય. તેમણે વધુમાં કહ્યું કે ચીનની સ્થિતિ પર ચાંપતી નજર રાખવી જરૂરી છે, પરંતુ પરિસ્થિતિ નિયંત્રણમાં હોવાથી ગભરાવાની જરૂર નથી.